(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૨)**

૧. સુમઈ ચ **પઉમપ્પહં સુપાસં જિણં ચ ચંદપ્પહં વંદે સુવિહિં ચ પુપ્ફદંતં** સિયલ

૨. પઈઠાણં **અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં વિયટ્ટ છઉમાણં જિણાણં જાવયાણં તિન્નાણં** તારયાણં

૩. જોગં **પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં** ન કરેમિ

૪. ફાસિયં **ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં** ન ભવઈ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. નિમ્મલયરા | **વિશેષ નિર્મળ** | ૨. જીવદયાણં | **સંયમરૂપી જીવનના દેનારા** |
| ૩. એવમાઈએહિં | **ઈત્યાદિ** | ૪. આલોઉં | **તેની આલોચના કરું છું** |
| ૫. દેવયં | **આપ ધર્મદેવ છો** | ૬. પચ્ચક્ખામિ | **પરિત્યાગ કરું છું** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો.** **(૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. હે પૂજ્ય | **ભંતે** | ૨. મારા ઉપર | **મે** |
| ૩. રોગરહિત | **મરુઅ** | ૪. બગાસું આવવાથી | **જંભાઈએણં** |
| ૫. સ્થિર સ્વરૂપ | **મયલ** | ૬. આરાધના ન કરી હોય | **ન આરાહિયં** |
| ૭. જમીન સાથે મસળ્યા હોય | **લેસિયા** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સામાયિકનો છટ્ઠો પાઠ શેનો છે? તેનું બીજું નામ શું છે? શા માટે?

**જ. સામાયિકનો છટ્ઠો પાઠ કરેમિ ભંતેનો છે. તેનું બીજું નામ પ્રતિજ્ઞા સૂત્ર છે કારણ આ પાઠ દ્વારા સામાયિકની પ્રતિજ્ઞા લેવામાં આવે છે.**

૨. ભગવાનને ચંદ્રથી પણ અધિક નિર્મળ કેમ કીધા છે? ચંદ્રની કળા અને પ્રભુના જ્ઞાનમાં શું તફાવત છે?

**જ. શરણે આવનારને શાંતિ ને શીતળતા પ્રદાન કરનાર છે. ચંદ્રની કળામાં રોજ વધ–ઘટ થાય છે, ચંદ્રગ્રહણમાં ચંદ્રનો પ્રકાશ ઢંકાઈ જાય છે, જ્યારે પ્રભુના જ્ઞાનમાં વધ–ઘટ નથી તેથી તેમની સૌમ્યતા અને શીતળતામાં પણ વધ–ઘટ થતી નથી.**

૩. ત્રીજું નમોત્થુણં કોને કરવાનું છે? શા માટે?

**જ. ત્રીજું નમોત્થુણં ધર્મગુરુને કરવાનું છે કારણ કે ગુરુ ભગવંતો જિનવાણીનું વહન કરનાર, પ્રગટ કરનારા અને અત્યારે જ્યારે અરિહંત પરમાત્મા સદેહે હાજર નથી ત્યારે તેઓ જિનશાસનની પરંપરા આગળ વધારે છે.**

૪. તીર્થંકરોને શા માટે ધર્મ ચક્રવર્તી કહેવાય છે? તીર્થંકરો આપણને કેટલા પ્રકારનું દાન આપે છે?

**જ. તીર્થંકરો અનંતકાળના અનંત કર્મશત્રુઓને જીતીને ચારે ગતિ પર વિજય પ્રાપ્ત કરી, જિનશાસનની સ્થાપના કરે છે માટે, તેઓ ધર્મચક્રવર્તી કહેવાય છે. તીર્થંકરો આપણને આઠ પ્રકારનું દાન આપે છે.**

૫. સામાયિકના દોષ કેટલા છે? કેવી રીતે? દોષ સેવનથી શું થાય છે?

**જ. સામાયિકના દોષ ૩૨ છે. મનના ૧૦, વચનના ૧૦, કાયાના ૧૨ એમ કુલ ૩૨ દોષ છે. દોષ સેવનથી સામાયિક મલિન થાય છે, અતિચારોનું સેવન થાય છે.**

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. સાગરમાં શું આવે છે? | **ભરતી–ઓટ** |
| ૨. પચ્ચક્ખાણ દ્વારા શેનો અભ્યાસ થાય છે? | **મન અને ઈન્દ્રિયોને કન્ટ્રોલમાં રાખવાનો** |

૩. પ્રથમ દેવલોકના અધિપતિ કોણ છે? **શકેન્દ્ર**

૪. નિયમને તોડવા તૈયાર થવું તેને શું કહેવાય? **અતિચાર**

૫. વિકથા કેટલી છે? **ચાર**

૬. નમોત્થુણંમાં મોક્ષની વિશેષતા દર્શાવતા શબ્દો કેટલા છે? **સાત**

૭. સામાયિક શેનો ધર્મ છે? **નિવૃત્તિ**

૮. કોનું નામ સ્મરણ પરમ કલ્યાણકારી છે? **પરમાત્મા**

૯. મોહયુક્ત ઈચ્છાઓને શું કહેવાય? **સંજ્ઞા**

૧૦. જેનાથી સંસાર સાગર પાર કરી શકાય તે શું છે? **ધર્મતીર્થ**

(૨૦)

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૨)**

૧. વિહરમાન તીર્થંકર – ૯ મા **શ્રી સુરપ્રભ સ્વામી** અને ૧૮ મા **શ્રી મહાભદ્ર સ્વામી**

૨. અભિગમ – ૨ જો **અચેતનો વિવેક** અને ૪ થો **ઉત્તરાસંગ**

૩. તત્ત્વ – ૩ જું **પુણ્ય તત્ત્વ** અને ૬ ઠું **સંવર તત્ત્વ**

૪. જન્મ–મરણના ચક્રમાંથી મુક્તિ અપાવે તે **મોક્ષ ગતિ**

૫. શુભ ગતિ – **દેવ ગતિ અને મનુષ્ય ગતિ**

૬. છોડવા જેવા તત્ત્વ – **પાપ તત્ત્વ, આસ્રવ તત્ત્વ અને બંધ તત્ત્વ**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. ઉત્તરાસંગ એટલે શું? તેના કારણે કોની જતના થાય છે?

**જ. ઉત્તરાસંગ એટલે ખેસ. તેના કારણે વાયુકાયના જીવોની જતના થાય છે.**

૨. પુણ્ય તત્ત્વ એટલે શું?

**જ. જે કાર્યના ફળસ્વરૂપે ભૌતિક સુખ મળે તેને પુણ્ય તત્ત્વ કહેવાય.**

૩. અભિગમ શેની ચાવી છે?

**જ. આત્મગુણોનું ઑક્સિજન અને સફળતાની ચાવી છે.**

૪. મનુષ્યભવની મહત્તા શા માટે છે?

**જ. મનુષ્યભવમાં જ ચારિત્ર ગ્રહણ કરી શકાય છે અને મનુષ્યભવમાંથી જ મોક્ષ ગતિ પ્રાપ્ત કરી શકે છે.**

૫. વિહરમાન તીર્થંકર કેટલા છે? તેમના નામ સ્મરણ કરવાથી શું થાય છે?

**જ. વિહરમાન તીર્થંકર ૨૦ છે. તેમના નામ સ્મરણ કરવાથી કર્મોનો ક્ષય થાય છે.**

૬. માનસિક પર્યુપાસના એટલે શું?

**જ. અત્યંત ધર્માનુરાગથી અનુરક્ત બનવું.**

૭. નવ તત્ત્વોની ...... અને ...... સમકિતની પ્રાપ્તિ કરાવે છે.

**જ. સમ્યક્ સમજ, શ્રદ્ધા.**

૮. નંદ મણિયાર શા માટે દેડકો બને છે? ત્યાં શું ગ્રહણ કરે છે?

**જ. નંદ મણિયાર આસક્તિને કારણે દેડકો બને છે. ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થતા સંથારો ગ્રહણ કરે છે.**

(૧૫)

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આત્માના ગુણ કેટલા છે? એક શરીરમાં કેટલા આત્મા રહે છે?

**જ. આત્માના ગુણ અનંત છે. એક શરીરમાં એક આત્મા પણ રહી શકે દા.ત. મનુષ્યનો આત્મા અને એક શરીરમાં અનંત આત્મા પણ રહી શકે. દા.ત. બટેટા, ડુંગળી વગેરે.**

૨. તિથિના દિવસે શેનો ત્યાગ કરવો જોઈએ?

**જ. તિથિના દિવસે કંદમૂળ, લીલોતરી, શાકભાજી તથા દ્રવ્ય કે ભાવથી જીવહિંસા થતી હોય તેવી પ્રવૃત્તિઓનો,**

**નાટક, સિનેમા, હોટેલ વગેરેનો ત્યાગ કરવો જોઈએ.**

૩. આત્માનું કલ્યાણ કેવી રીતે સાધવું જોઈએ? આપણને શા માટે જૈન ધર્મ મળ્યો છે?

**જ. જૈન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે આપણી વાણી, વર્તન અને વ્યવહાર રાખી, સ્વના આત્માનું કલ્યાણ સાધી લેવું જોઈએ. આપણા ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય છે એટલે આપણને જૈન ધર્મ મળ્યો છે.**

૪. જન્મદિવસ એટલે શું?

**જ. જન્મદિવસ એટલે આપણા આ સુંદર એવા મનુષ્ય જીવનમાંથી હજી એક વર્ષ ઓછું થયું એટલે સારા કાર્ય કરી, ગુડ કર્મને બાઈન્ડ કરી, ગુડ લકને વધારવાનું એક વર્ષ ઓછું થયું.**

૫. શુભ દિવસની શરૂઆત કેવી રીતે કરવી જોઈએ?

**જ. શુભ દિવસની શરૂઆત માતા-પિતાના આશીર્વાદથી અને દેવ-ગુરુના દર્શનથી થાય તો સર્વશ્રેષ્ઠ દિવસ બની રહે છે માટે, દિવસની શરૂઆત પેરેન્ટ્સને પગે લાગી, પરમાત્મા અને ગુરુના દર્શનથી કરવી.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. તિથિની ગણતરી ચંદ્ર ભ્રમણ અનુસાર થાય છે. | **સાચું** |
| ૨. જ્યારથી સમય છે ત્યારથી આત્મા છે. | **સાચું** |
| ૩. જન્મદિવસે કેક કાપવી જોઈએ. | **ખોટું. જન્મદિવસે સુખડી કટ કરવી જોઈએ.** |
| ૪. પર્વ તિથિ બાર હોય છે. | **ખોટું. પર્વતિથિ ૧૦ હોય છે.** |
| ૫. આત્મા કોઈ પદાર્થોથી બનેલો છે. | **ખોટું. આત્મા કોઈપણ પદાર્થથી બનેલો નથી.** |

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે જોડકા જોડો.**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. અનેકાંતવાદ | ૧. ઈમેજનો ગુણાકાર | **૨. સ્ટેટમેન્ટ** |
| ૨. અપરિગ્રહ | ૨. સ્ટેટમેન્ટ | **૫. મમત્વભાવ ન રાખવો** |
| ૩. અહિંસા | ૩. અભયદાન | **૪. સવ્વજીવાપ્પભૂયસ્સ** |
| ૪. નેગેટીવ વિચાર | ૪. સવ્વજીવાપ્પભૂયસ્સ | **૧. ઈમેજનો ગુણાકાર** |
| ૫. ભાવ અહિંસા | ૫. મમત્વભાવ ન રાખવો | **૩. અભયદાન** |

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ત્રિદંડીનો વેશ કોણે લીધો? તેમાં તેમણે શું ધારણ કર્યું?

**જ. ત્રિદંડીનો વેશ મરિચીએ લીધો. તેમાં તેમણે મસ્તક પર છત્ર ધારણ કર્યું. પગમાં ઉપાનહ એટલે કે ચાખડી પહેરી અને શ્વેત વસ્ત્રને બદલે ભગવા વસ્ત્ર ધારણ કરી, હાથમાં દંડ રાખ્યો.**

૨. રોહિણેય છૂટી ગયા પછી એમણે શું વિચાર કર્યો?

**જ. પરાણે સાંભળેલી ભગવાનની વાણીના પ્રભાવથી જ હું બચી ગયો. મારા પિતાએ કેમ મને ભગવાનની વાણી સાંભળવાની ના પાડી હશે? જો હું ખરેખર ભગવાનની વાણી સાંભળું તો મને કેટલો બધો લાભ થાય!**

૩. મેઘકુમાર પૂર્વના ત્રીજા ભવે શું હતા? મેઘકુમાર અત્યારે ક્યાં છે? તેમનું ભવિષ્ય લખો.

**જ. મેઘકુમાર પૂર્વના ત્રીજા ભવે મેરુપ્રભ નામે હાથીઓનો યુથપતિ હતો. મેઘકુમાર અત્યારે વિજય નામના અનુત્તર વિમાનમાં છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે.**

૪. જીવાનંદ વૈદ્યને મુનિના ઈલાજ માટે કઈ કઈ વસ્તુઓ જોતી હતી? તેઓ આપણા શું બન્યા?

**જ. જીવાનંદ વૈદ્યને મુનિના ઈલાજ માટે આવશ્યક લક્ષપાલ તેલ, ગોશીર્ષ ચંદન રત્નકંબલ અને મરેલી ગાય આટલી વસ્તુ જોઈતી હતી.**

**તેઓ આપણા પ્રથમ તીર્થંકર પ્રભુ ઋષભદેવ સ્વામી બન્યા.**

૫. પ્રભુના વારસદાર કોને કહેવાય? જાતિસ્મરણ જ્ઞાન એટલે શું?

**જ. ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાના ભાવને જે શુદ્ધ અને શાંત રાખે છે તે જ પ્રભુના સાચા વારસદાર કહેવાય છે.જાતિસ્મરણ જ્ઞાન એટલે આપણને પૂર્વભવનું યાદ આવવું.**

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. રાત્રિ **ભોજન ના કરજે, થાળી ધોઈ પીજે,**
**નોનવેજ હોટેલમાં તો, ક્યારેય ના જજે.**
**ખાવા માટે ના જીવજે, જીવવા** માટે ખાજે.

૨. અરિહંત **જેવા દેવ મળ્યા, સદ્ભાવો અમારા ફળ્યા.**
**સિદ્ધ જેવા સાધ્ય મળ્યા, સત્કાર્યો અમારા ફળ્યા.** વંદન.

૩. વિસહર વિસ **નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં.**
**વિસહર ફુલિંગમંતં કંઠે ધારેઈ જો સયા મણુઓ,**
**તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ** ઉવસામં.

૪. બધા **સાથે નમ્રતાથી, મારે હવે રહેવું છે,**
**ગુરુ આજ્ઞાનું પાલન, સદા મારે કરવું છે,**
**અવગુણોને દૂર કરી, પાપ મારે** ખપાવવા છે.

**જય – જિનેન્દ્ર**